**ફોજદારી ઈન્કવાયરી નં.૧૬૯/૨૦૨૫**

**// <u>આંક–૧ લગત હુકમ</u> //**

(૧) રેકર્ડ લક્ષમાં લેતા તેમજ હાલની ફરિયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામના ફરિયાદીએ હાલની ફરિયાદ પોતે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨(૨૮) અંતર્ગત ''સરકારી નોકર'' તરીકે ફરજ બજાવતા હોય દાખલ કરેલી છે. જેથી આ કામે હાલની ફરિયાદ સબબ આરોપીને નોટીસ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીને નોટીસની ધોરણસર બજવણી થઈ ગયેલ હોવાનું આંક–૩થી રજુ થયેલ નોટીસ જોતાં જણાય છે. આમ, સદર કામના આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતાં સદર કામે આરોપીએ જાતે કે વકીલ મારફતે હાજર થઈ કોઈ રજુઆત કરેલ નથી કે હાલની ફરિયાદ સંબંધે કોઈ વાંધા કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. તે સંજોગોમાં આ કામે રજુ ફરિયાદીની ફરિયાદ અને કેસ પેપર્સ ધ્યાને લેતાં આરોપી સામે આક્ષેપીત ગુન્હા સબબ પ્રથમદર્શનીય રીતે આગળની કાર્યવાહી કરવા પુરતા અને સબળ કારણો જણાઈ આવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

**૧.** હાલની ફરિયાદ ઈન્કવાયરી રજીસ્ટરેથી આથી કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. સદર કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી આરોપી સામે બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૨૭ અન્વયે ફરિયાદ સબબના ગુન્હા અંગેનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર કેસની હવે પછીની મુદત તારીખ–૩૦/૦૫/૨૦૨૬ નારોજની રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તા.૩૦/૦૩/૨૦૨૬ (કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
સુરત. U.I.C.No.GJ01285
એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ અને
ન્યાયાધીશ(એસ.ડી), શ્રમ અદાલત નં.૩, સુરત.